ગાંધીનગર સમાચાર

શહેરના ૧૦૩ વિદ્યાર્થીઓ એ-વન ગ્રેડમાં

# મનપા બગીચાઓ ભાડે આપી આવક મેળવશે

**રૂા. પાંચ હજાર ભાડુ અને એક હજાર સફાઈ ચાર્જ તથા લાઈટબીલ અને ૪ કલાક માટે રૂા. ૫૦૦ ભાડુ તથા ૫૦૦ રૂા. સફાઈ ચાર્જ અને લાઈટબીલ ચુકવવાનું રહેશે : ૨૬ મુદ્દાઓને ગણતરીની મિનિટોમાં જ પસાર કરાતાં રાજકીય સસ્પેન્સ ઘેરું બન્યું છે**

ગાંધીનગર, તા.૩૧

ગાંધીનગર મહાનગરપાલિકાને ફાળવવામાં આવેલા બગીચાઓ હવે ભાડે આપી અને આવક મેળવવાનો નિર્ણય આજે મનપાની સ્થાયી સમિતિએ કર્યો છે.

ગાંધીનગર મનપાની આજે સ્થાયી સમિતિની મળેલ બેઠક ગણતરીની મિનિટોમાં જ પૂર્ણ થઈ ગઈ હતી અને ૨૬ જેટલી બાબતો પર નિર્ણય કરવામાં આવ્યો હતો. આ ૨૬ મુદ્દાઓ પર ૨૬ મિનિટની પણ ચર્ચા ન થતાં રાજકીય સસ્પેન્શ ઘેરાયું છે.

સ્થાયી સમિતિના ચેરમેન શ્રી રાકેશ પટેલની અધ્યક્ષતામાં આજે મળેલ બેઠકમાં લેવાયેલ નિર્ણય પ્રમાણે આખા દિવસ માટે બગીચો ભાડે રાખનારે ૫ હજાર રૂા. ભાડું તેમજ રૂા. એક હજાર સફાઈ ચાર્જના અને વીજબીલ જે આવે તે ચુકવવાનું રહેશે. જયારે ૪ કલાક જેટલા સમય માટે બગીચો ભાડે રાખવો હશે તો રૂા. ૫૦૦ ભાડુ અને રૂા. ૫૦૦ સફાઈ ચાર્જ તથા વીજબીલ ચુકવવાનું રહેશે.

મહાનગરપાલિકાને સરકારે સે-૧, ૭, ૯, ૨૧, ૨૪, ૨૮ અને ૨૭ના બગીચાઓ ફાળવ્યા છે.

● અનુસંધાન પાન-૭ પર



થર્ટી ફર્સ્ટની ઉજવણી - શહેરની પ્રિ-પ્રાયમરી અને પ્રાયમરી શાળાઓમાં થર્ટી ફર્સ્ટની ઉજવણી નાચ-ગાન સાથે કરાઈ હતી. મસ્તીની પાઠશાળાની જેમ બાળકો મુક્તમને નાચ-ગાન કરતા હતા... ગીત-સંગીતની ધુન પર શાળાના પટાંગણમાં ડાન્સ કરતા બાળકોને માણવાનો પણ અનોખો લ્હાવો હતો... (તસવીર : કશ્યપ નિમાવત)

# હું 'સપ્તક'નું જ બાળક છું : હેતલ મહેતા જોષીની નિખાલસ વાત

**આજે લોકેશ આનંદના શરણાઈવાદન સાથે શરૂ થતા ૩૬મા સપ્તક સંગીત સમારોહમાં હેતલ મહેતા જોષીનું સોલો તબલાવાદન**



'હું 'સપ્તક'નું જ બાળક છું.... હું બે વર્ષની હતી ત્યારે 'સપ્તક' સંગીત સમારોહ શરૂ થયો હતો. હું અને 'સપ્તક' બંને સાથે ઉછર્યા છીએ.'

વિખ્યાત તબલાવાદક અને 'સપ્તક' ના સ્થાપક પંડિત નંદન મહેતા અને સિતારવાદક મંજુબેન મહેતાના તબલાવાદક દીકરી અને 'સપ્તક'ના ડાયરેકટર સુશ્રી હેતલ મહેતા જોષીના આ શબ્દો છે. આવતીકાલ પહેલી જાન્યુઆરીથી અમદાવાદનો જગપ્રસિધ્ધ સપ્તક સંગીત સમારોહ શરૂ થઈ રહ્યો છે. ૩૬મા સપ્તક સમારોહની શરૂઆતમાં સુશ્રી હેતલ મહેતા જોષીનું સોલો તબલાવાદન યોજાશે. બનારસ ઘરાનાના મહાન તબલાવાદક પદ્મ વિભૂષણ પંડિત કિશન મહારાજના શિષ્યા શ્રીમતી હેતલ મહેતા જોષી સ્વયં પણ તબલાવાદનમાં 'ઉસ્તાદ' છે. આકાશવાણીની ઓલ ઈન્ડિયા સંગીત સ્પર્ધા અને વિશ્વનાથ દેવ શર્મા શાસ્ત્રીય સંગીત સ્પર્ધા જેવી ભારતની સર્વોચ્ચ સંગીત સ્પર્ધાઓમાં વિજેતા થયેલા હેતલ મહેતા જોષી આજે ડાયરેકટર તરીકે 'સપ્તક'ની જવાબદારીઓ તો સંભાળે જ છે, સપ્તક સ્કૂલ ઓફ મ્યુઝિકના ટ્રસ્ટી તરીકે પ્રશિક્ષણની જવાબદારી પણ સંભાળે છે. એટલું જ નહીં ગુજરાત યુનિવર્સિટીની ઉપાસના સ્કૂલ ઓફ પરફોર્મિંગ આર્ટસમાં પણ તબલાનું પ્રશિક્ષણ આપે છે.

**'સપ્તક'ના ટ્રસ્ટી અને જાણીતા તબલા વાદક સુશ્રી હેતલ મહેતા જોષીની વિશેષ મુલાકાત**

સામાન્યતઃ તબલાનું નામ આવે એટલે પુરૂષ કલાકારની જ કલ્પના આવે... પરન્તુ હેતલ મહેતા જોષીના કોમળ હાથોમાં તબલાં વધુ સુમધુર સંભળાય છે.

સુશ્રી હેતલ મહેતા જોષી કહે છે, 'તબલાં વાદનમાં કળા ઉપરાંત શારિરીક મજબૂતની પણ જરૂર પડે છે એટલે મહિલાઓ તબલાંવાદન ઓછું પસંદ કરે છે. હું નાની હતી ત્યારે પહેલાં ગાયન પણ કર્યું... મમ્મીની જેમ સિતાર પણ વગાડતી, પરન્તુ આખરે મેં અનુભવ્યું કે મારું પેશન તબલાં જ છે.'

હેતલ મહેતા જોષી બનારસ પરંપરાના તબલાંવાદનમાં નિપૂણ છે. તેમણે પંડિત જશરાજજી, ઉસ્તાદ સુલ્તાનખાન, પંડિત રાજન-સાજન મિશ્રા, પંડિત વિશ્વમોહન ભટ્ટ જેવા દિગ્ગજો સાથે તબલા

● અનુસંધાન પાન-૭ પર

# શહેરના ૧૦૩ વિદ્યાર્થીઓ એ-વન ગ્રેડમાં

**વિજ્ઞાન પ્રવાહ સેમેસ્ટર-૧માં ગાંધીનગરના જિલ્લામાંથી ૧૧૪ વિદ્યાર્થીઓએ એ-વન ગ્રેડ પ્રાપ્ત કર્યો : ગાંધીનગર કેન્દ્ર પરિણામમાં મોખરે : જિલ્લામાંથી ૬૧૯૮ વિદ્યાર્થીઓએ પરીક્ષી આપી હતી**

ગાંધીનગર, તા.૩૧

ગુજરાત ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ગત ઓકટોબર મહીનામાં લેવાયેલી વિજ્ઞાન પ્રવાહ સેમેસ્ટર-૧ની પરીક્ષાનું આજે પરિણામ જાહેર થયું હતું. બોર્ડના છબરડા બાદ પરિણામ સુધારણાના અંતે શાળા સંચાલકો, વિદ્યાર્થીઓ અને વાલીઓએ પણ રાહતનો શ્વાસ લીધો હતો. સેમેસ્ટર-૧માં જિલ્લાના ૧૧૪ વિદ્યાર્થીઓએ એ-વન ગ્રેડ પ્રાપ્ત કર્યો છે. જિલ્લામાંથી ૬૧૯૮ વિદ્યાર્થીઓએ સેમેસ્ટર-૧ની પરીક્ષા આપી હતી. ગાંધીનગર કેન્દ્રના ૧૦૩ વિદ્યાર્થીઓને એ-વન ગ્રેડમાં સ્થાન મળ્યું છે. શિક્ષણ બોર્ડ દ્વારા ઓકટોબર ૨૦૧૫માં લેવાયેલી સેમેસ્ટર-૧ની પરીક્ષાનું તા. ૩૦ ડીસેમ્બરે પરિણામ જાહેર થયું હતું. પરંતુ સંસ્કૃત વિષયના પરિણામમાં

● અનુસંધાન પાન-૭ પર

## સહજાનંદ સ્કૂલ ઓફ એચિવરના ૩૭ વિદ્યાર્થીઓને સ્થાન

ઓકટોબર ૨૦૧૫માં ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવાયેલી ૧૧ સાયન્સની સેમેસ્ટર-૧ની પરીક્ષામાં સહજાનંદ સ્કૂલ ઓફ એચિવરના વિદ્યાર્થીઓએ ગુજરાતી તથા અંગ્રેજી માધ્યમમાં ૧૦૦ ટકા પરીણામ પ્રાપ્ત કર્યું છે. જેમાં ખુશ્બુ રાજુભાઈ ઠાકર બોર્ડમાં ૯૯.૯૪ પર્સન્ટાઈલ રેન્ક સાથે સમગ્ર જિલ્લામાં અગ્રેસર રહેલા છે તેણે ૫૦૦માંથી ૪૮૭ ગુણ મેળવી પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું છે. જિલ્લામાં સહજાનંદ સ્કુલ ઓફ એચિવરના સૌથી વધુ વિદ્યાર્થીઓને એ-વન ગ્રેડ પ્રાપ્ત થયો છે. જેમાં કુલ ૩૭ વિદ્યાર્થીઓએ એ-વન ગ્રેડ પ્રાપ્ત કર્યો છે.

# આઉટ સોર્સિંગના સફાઈ કામદારોની મુદત દોઢ વર્ષ સુધી લંબાવાઈ

ગાંધીનગર, તા.૩૧

ગાંધીનગર મહાનગરપાલિકામાં આઉટ સોર્સિંગથી રખાયેલ ૩૦૦ સફાઈ કામદારોને રોજમદાર તરીકે સમાવવાના સફાઈ કામદાર આયોગની ભલામણને ધ્યાને રાખી મનપાની સ્થાયી સમિતિએ તેમને એક વર્ષ અને છ માસ માટે ચાલુ રાખવાનો મહત્ત્વનો નિર્ણય કરેલ છે.

**ટેકનીકલ-નોન ટેકનીકલ કર્મચારીઓને પણ ૧૧ માસની મુદતથી કરાર આધારિત નિમણુંક આપવા ભલામણ**

ભરતી અંગેના નિયમોમાં સ્પષ્ટ જોગવાઈ ન હોવાથી તેમજ આ અંગેના કોઈ નિયમો હાલ ન હોવાથી મનપાના સત્તાવાહકોએ આવો નિર્ણય કર્યો હોવાનું મનાઈ રહ્યું છે.

આજે મળેલ સ્થાયી સમિતિની બેઠકમાં આ નિર્ણય લેવામાં આવ્યો હતો. આ સફાઈ કામદારોને છુટક છુટક મુદત વધારી આપવામાં આવતી હતી હવે આજે સ્થાયી સમિતિએ એક વર્ષ અને છ મહિનાની મુદત વધારી દીધી છે.

આજે મનપાની સ્થાયી સમિતિએ અશક્ત સફાઈ કામદારોના વારસદારોને સરકારના વખતોવખતના હુકમ મુજબ લાભો આપવાની સત્તા પણ કમિશનરને આપી છે.

● અનુસંધાન પાન-૭


**પ્રથમ વાર્ષિક હૃદયાંજલિ**



સ્વ. રામાભાઈ શિવદાસ પટેલ

સ્વ. તા. ૧/૧/૨૦૧૫

સ્નેહના સાગર સમા હર કોઈને પોતાના ગણી, પોતાના પ્રેમાળ હૈયાથી ઓળખનાર, મુખ પર મધુર સ્મિત, અંતરમાં ઉર્મિ, હૃદયથી ભોળા, સૌમ્ય સ્વભાવવાળા. તમારા દિવ્ય આત્માને પ્રભુ શાંતિ અર્પે એ જ પ્રાર્થના...

લી.

સ્વ. પટેલ માધવલાલ માનજીદાસ

(સ્વાતંત્ર્ય સેનાની પરિવાર, સીપોર)

પટેલ કિર્તિભાઈ માધવલાલ

સેક્ટર-૭/સી, ૮૯૯/૨, ગાંધીનગર



**પ્રથમ વાર્ષિક શ્રદ્ધાંજલિ**



સ્વ. રામાભાઈ શિવદાસ પટેલ

(સરઢવવાસ, પેથાપુર)

સ્વ. તા. ૧/૧/૨૦૧૫

આજે એક વર્ષ પણ આપ અમારી સાથે છો. હૂંફ આપો છો, હસાવો છો અને આત્મિયતાની ઓળખ કરાવો છો... અમારા વડીલ તરીકેની હાજરીની સતત અનુભૂતિ કરાવતા રહો છો. આપના દિવ્ય આત્માને શત્ શત્ વંદન

લી.

પટેલ કમલેશભાઈ રામાભાઈ

પટેલ મનુભાઈ પ્રહલાદભાઈ

પટેલ ભરતભાઈ પ્રહલાદભાઈ

તથા સમસ્ત શિવદાસ પરિવાર




પોલીસ સતર્ક - છેલ્લા બે દિવસથી શહેરમાં ટ્રાફીકના નિયમોના પાલન માટે ટ્રાફીક પોલીસ અસરકારક બની ગઈ છે... શહેરના મુખ્ય માર્ગો અને મુખ્ય પ્રવેશદ્વારો પર શીટબેલ્ટ, હેલમેટ જેવા મહત્વના નિયમોના અમલ માટે કડક કાર્યવાહી આરંભાઈ છે... સાથે સાથે ૩૧મીની ઉજવણી સંદર્ભે પણ ચાંપતી નજર રખાઈ રહી છે... (તસવીર : કશ્યપ નિમાવત)

# રવિ કૃષિ મહોત્સવનો પ્રારંભ

ગાંધીનગર, તા.૩૧

મુખ્યમંત્રી આનંદીબેન પટેલે રવી કૃષિ મહોત્સવની બીજી શૃંખલા રવી કૃષિ મહોત્સવ ૨૦૧૫નો કચ્છના વેકરીયા રણથી રાજયવ્યાપી પ્રારંભ કરાવતાં ગૌરવ સહ જાહેર કર્યું હતું. કે, ગુજરાતમાં કૃષિ અને પશુપાલનના સર્વગ્રાહી સંકલિત પ્રોત્સાહક આયોજનની ફલશ્રુતિએ ૧૯મી પશુધન વસ્તી ગણતરીમાં દેશના પશુધનની તુલનાએ ગુજરાતમાં ૧૫ ટકા પશુવસ્તી વૃધ્ધિ થઈ છે.મુખ્યમંત્રીએ રવી કૃષિ મહોત્સવ ૨૦૧૫નો પ્રારંભ રણના વહાણ એવા ઊંટ નિર્દશનો ઊંટ શણગાર સ્પર્ધાના વિજેતાઓને ઈનામ તેમજ ગૌમાતા અને ઊંટ પુજનથી કરાવ્યો હતો. કચ્છના બન્ની વિસ્તારમાં મહેસુલીગામ જાહેર કરવાનો સૈધ્ધાંતિક નિર્ણય રાજય સરકારે લીધો છે તેની મહત્વપૂર્ણ જાહેરાત કરતાં મુખ્યમંત્રીએ જણાવ્યું કે, પાછલા કેટલાક વર્ષોથી ગામતળ નીમ કરવામાં આવ્યા નથી. તેથી ગામડામાં નવી વસાહતો માટે સમસ્યા ઉભી થઈ છે. તે પ્રશ્ન ચાર માસમાં ઉકેલવામાં આવશે અને ગામતળ નીમ કરવાની પ્રક્રિયા ત્વરિત પૂર્ણ કરાશે.

તેમણે રાજય સરકારે સહકારી સંસ્થાઓ એ પી એમ સી મહિલા મંડળીઓને જંત્રી કરતાં રાહત ભાવે જમીન આપવાના કિસાન હિત નિર્ણયને પગલે અબડાસા માર્કેટિંગ યાર્ડ માટે ૧.૨૦ કરોડની જમીન માત્ર ૨૬ લાખમાં અને નખત્રણા માર્કેટ યાર્ડ માટે ૩૦ લાખની જમીનની માત્ર ૪ લાખમાં ફાળવણીની ખેડુત હિતલક્ષી જાહેરાત કરી હતી. મહિલા સહકારી પ્રવૃતિ માટે ટોકન દરે જમીન ફાળવવામાં આવે છે.


**જોઈએ છે**

શ્રી સમસ્ત બ્રહ્મસમાજ ગાંધીનગર દ્વારા સંચાલિત શ્રી સ્વામી સચ્ચિદાનંદજી બ્રહ્મભવન માટે મેનેજરની જરૂરિયાત છે. સમય સવારે ૧૦-૦૦ થી સાંજના ૬-૦૦ કલાક સુધી અનુભવી અને કોમ્પ્યુટરના જાણકારે દિન-૫માં નીચેના સરનામે અપેક્ષિત પગાર સાથે અરજી કરવી.

પ્રમુખશ્રી,

**શ્રી સમસ્ત બ્રહ્મસમાજ, ગાંધીનગર**

સોમનાથ મંદિર, રંગમંચની સામે, સેક્ટર-૧૬, ગાંધીનગર

ફોન : ૨૩૨૩૫૯૩૯, ૯૮૯૮૦ ૩૨૬૫૯


# ૨૪મીની યુથ રન માટે મનપા ૨.૫૦ લાખ રૂા. ખર્ચ કરશે

**સ્માર્ટ આંગણવાડી માટે રૂા.૩.૫૦ લાખની જોગવાઈ : યુથ રનમાં સ્માર્ટશીટી, સ્વચ્છતા મિશન તેમજ સ્ત્રી સશક્તિકરણના મુદ્દાઓને આવરી લેવાશે**

ગાંધીનગર, તા.૩૧

ગાંધીનગરમાં ૨૪મી જાન્યુઆરી એ ધીરુભાઈ અંબાણી ઈન્સ્ટીટયુટ દ્વારા યોજાનાર યુથ રન-૨૦૧૬ની સ્પોન્શરશીપ પેટે રૂા.૨.૫૦ લાખનો ખર્ચ મેયરની ગ્રાન્ટમાંથી કરવાનો નિર્ણય આજે મનપાની સ્થાયી સમિતિએ કર્યો છે.

રાકેશ પટેલના અધ્યક્ષ સ્થાને મળેલ સ્થાયી સમિતિની બેઠકમાં લેવાયેલ નિર્ણય મુજબ આ યુથ રન માટે કેપ, ટી-શર્ટ, જી.એમ.સી.ના લોકો સાથે આપશે. આ યુવાનો યુથ રન-૨૦૧૬માં સ્માર્ટશીટી, સ્વચ્છતા મિશન તેમજ સ્ત્રી સશક્તિકરણના મુદ્દાઓને લઈ આ રન કરશે.

આ માટે મનપા દ્વારા બેનર તેમજ હોર્ડિંગ્સ પણ બનાવવામાં આવશે. આ કાર્યક્રમમાં મેયર, ડે. મેયર અને સ્થાયી સમિતિના ચેરમેનને પણ ખાસ આમંત્રિત કરવાના રહેશે.

મનપા દ્વારા આ યુથ રન માટે આ રકમ ફાળવવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.

આજે મળેલ બેઠકમાં ગાંધીનગર શહેરના આંગણવાડી કેન્દ્રોને સ્માર્ટ આંગણવાડી કેન્દ્રો બનાવવા માટે રૂા. ૩.૫૦ લાખની જોગવાઈની દરખાસ્તને પણ બહાલી આપવામાં આવી છે. આ ઉપરાંત બજેટમાં ઓફિસ ખર્ચની મર્યાદામાં વધારો કરવાની પણ દરખાસ્તને બહાલી આપવામાં આવી છે. બજેટમાં કરાયેલી જોગવાઈઓ પૈકી ઘણી બધી રકમ વણવપરાયેલી રહેતાં આ નિર્ણય કરવામાં આવ્યો છે.


**ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...**

SANGHI CEMENT · Kisan · ashirvad · BENELAVE · DR. FIXIT · TATA STEEL • PIPES • SHEETS · VINAYAK 500 TMT BARS - ISI

**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com